SMOKE FREE ONTARIO

ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ
તમાકુ પ્રદર્શન પ્રતિબંધ

ફેબ્રુઆરી 2008

# તમાકુ વિક્રેતાઓ માટે
# વારંવાર પૂછાતા પ્રશ્નો

**પ્રશ્ન:** મારા સ્ટોરમાં તમાકુની પ્રોડક્ટ્સ વેચાય છે અથવા કોઈ જાતોની અને પ્રકારોની તમાકુ મળે છે તેની ગ્રાહકોને કેવી રીતે જાણ થશે?

**જવાબ:** છૂટક વેપારીઓને તેમના સ્ટોરમાં તમાકુની પ્રાપ્યતા સૂચવતી ત્રણ નિશાનીઓ રાખવાની છૂટ આપવાની ચાલુ રહેશે. આ નિશાનીઓએ વિનિયમની કલમ 7 (ઓ. નોંધણી. 48/06) નું પાલન કરવું જોઈશે અને શ્વેત પશ્ચાદ્‌ભૂની સામે કાળા શબ્દોનો ઉપયોગ કરવો જોઈશે.

પ્રોડક્ટની પસંદગીમાં મદદ કરવા, છૂટક વેપારીઓ ગ્રાહકોને ખરીદી માટે ઉપલબ્ધ તમાકુની પ્રોડક્ટોની સૂચિ સમાવિષ્ટ કરતા બાઈન્ડર કે અન્ય સંદર્ભ સાધન પ્રસ્તુત કરી શકે. આ સાધને તમાકુ પ્રોડક્ટોના પ્રોત્સાહનને લગતા ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમની બીજી તમામ આવશ્યકતાઓનું પાલન કરવું જોઈશે. આ સાધનનો યોગ્ય ઉપયોગ સંદર્ભ માટે છે અને વિતરણ કે પ્રદર્શન માટે નહીં.

**પ્રશ્ન:** ગ્રાહકો માટે બાઈન્ડરને કાઉન્ટર પર રાખવું શું મારા માટે યોગ્ય છે?

**જવાબ:** બાઈન્ડર કાઉન્ટર પર ખુલ્લુ મૂકી શકાશે નહીં. તેને નજરથી દૂર રાખવું જોઈશે, દા.ત. કાઉન્ટરની નીચે, અને કારકુન અને ખરીદી માટે પ્રોડક્ટો ઓળખવા તમાકુ ખરીદવાની કાનૂની વય ધરાવતા ગ્રાહક તેનો ઉપયોગ કરી શકશે. બાઈન્ટરને માત્ર ખરીદી દરમિયાન બહાર કાઢવું જોઈએ અને પછી તેના સંગ્રહના સ્થળે તરત પાછું મુકી દેવું જોઈએ.

**પ્રશ્ન:** હું નોધંણી કરાયેલ તમાકુ વિક્રેતા હોઉં તો શું થાય?

**જવાબ:** નોંધણી કરાવેલ તમાકુ વિક્રેતાઓએ પ્રદર્શન પ્રતિબંધની તમામ ગોજવાઈઓનું પાલન કરવું જોઈશે, કેમ કે તે સિગારેટ અને અન્ય ખાસ પ્રકારની નહીં તેની પ્રોડક્ટોને લાગુ પડે છે.

આમ છતાં, આરોગ્ય પ્રોત્સાહનના મંત્રાલયમાં નોંધણી કરાવેલ તમાકુ વિક્રેતાઓ, **ખાસ પ્રકારની તમાકુ પ્રોડક્ટોના** વેચાણ માટેના પ્રદર્શન પ્રતિબંધમાંથી મુક્ત છે. આરોગ્ય પ્રોત્સાહનના મંત્રાલયે, જાહેર આરોગ્ય એકમોની તેમના વિસ્તારના નોંધાયેલા તમાકુ વિક્રેતાઓની ચાલુ યાદી આપી છે.

**પ્રશ્ન:** ખાક તમાકુ પ્રોડક્ટોને પ્રદર્શન પ્રતિબંધ કેવી રીતે લાગુ પડે છે?

**જવાબ:** છૂટક વેપારીઓ અને નોંધણી નહીં કરાયેલ તમાકુ વિક્રેતાઓ માટે, સિગાર , સિગારિલો, પાઈપ તમાકુ તથા ચાવવાની તમાકુ, સ્નસ, સૂંઘવાની તમાકુ, વગેરે સહિત અન્ય ખાસ તમાકુ પ્રોડક્ટોનો પ્રદર્શન પ્રતિબંધમાં સમાવેશ થાય છે અને સમાન નિયમો સિગારેટોને લાગુ પડે છે.

માત્ર નોંધણી કરાવેલ તમાકુ વિક્રેતાઓ ખાસ તમાકુ પ્રોડક્ટો માટેના તમાકુ પ્રદર્શન પ્રતિબંધમાંથી મુક્ત છે.

**પ્રશ્ન:** પાઈપ્સ, લાઈટર્સ અને અન્ય સહાયક સાધનોના વેચાણ પર પ્રદર્શન પ્રતિબંધ કેવી અસર કરે છે?

**જવાબ:** તમાકુ પ્રોડક્ટ સહાયક સાધનોનું 31મે, 2008 પછી પ્રદર્શન કરવાનું ચાલુ રાખી શકાશે. ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમની પેટા-કલમો 3.1(1) અને (2), કેટલાક સ્થળોએ તમાકુ પ્રોડક્ટોના પ્રદર્શન પર પ્રતિબંધ ફરમાવે છે, પરંતુ તમાકુ પ્રોડક્ટોના સહાયક સાધનોનું પ્રદર્શન કરવા બાબાત તેમાં ઉલ્લેખ ક્ર્યો નથી. જે પ્રોડક્ટોનું પ્રદર્શન કરી શકાય તેમાં નીચેનાનો સમાવેશ થઈ શકે.

- પાઈપો
- સિગારેટ ટ્યુબ્સ
- સિગાર કટર્સ
- પંચિસ
- હેરફેર કરી શકાય તેવા હ્યુમિડિફિકેશન ઉપકરણો
- હ્યુમિડોર્સ

**નોંધ:** અધિનિયમની પેટા-કલમ 3.1(3) અન્વયે તમાકુ પ્રોડક્ટોના વેચાણ પ્રોત્સાહન પર પ્રતિબંધ છે. તેથી, તમાકુ પ્રોડક્ટ સહાયક સાધનો વેચાણ માટે પ્રદર્શન અને પ્રસ્તુત કરી શકાય, તેમ છતાં, પ્રદર્શનમાં ચોક્કસ તમાકુની જાતની ઓળખ આપવી જોઈશે નહીં.

**પ્રશ્ન:** હ્યુમિડોર્સ શું છે?

**જવાબ:** **નોંધણી કરાયેલ તમાકુ વિક્રેતા** (આરોગ્ય પ્રોત્સાહનના મંત્રાલય દ્વારા નોંધણી કરાવેલ ) દ્વારા વપરાતા મકાનમાં વોક-ઈન હ્યુમિડોર જ્યાં રાખી હોય ત્યાં 19 વર્ષનો કે તેથી બધુ ઉંમરનો ગ્રાહક તે જોઈને ખાસ તમાકુ પ્રોડક્ટ પસંદ કરી શકશે. સિગારેટોનો હ્યુમિડોરમાં સંગ્રહ કરેલ હો, તો ખરીદી પહેલાં, આ પ્રોડક્ટો ગ્રાહકને પ્રદર્શિત કરી શકાશે નહીં.

**નોંધણી ન કરાયેલ તમાકુ વિક્રેતાઓ** દ્વારા વપરાતા મકાનમાં વોક-ઈન કે કોઈપણ પ્રકારની હ્યુમિડોર જ્યાં રાખી હોય ત્યાં હ્યુમિડોરની બહાર તમાકુ ન દેખાવી જોઈએ. તમાકુ પ્રોડક્ટો ન દેખાન તે સુનિશ્ચિત કરવા, ફ્રોસ્ટ કરેલા કાચના કે અન્ય સાધનો, જોવાનું અટકાવી શકે તેવા સ્વીકાર્ય વિકલ્પો છે. પ્રોડક્ટ પાછી લેવા વોક-ઈન હ્યુમિડોરમાં માત્ર કારકુનને દાખલ થવાની છૂટ છે. નોંધણી ન કરાયેલ તમાકુ વિક્રેતા પાસે હેરફેર કરી શકાય કે પ્રમાણમાં નાની હ્યુમિડોર હોય, તો તે અંગે પ્રદર્શન પ્રતિબંધનું પણ પાલન કરવું જોઈશે અને ગ્રાહકની દૃષ્ટિની દૂર રાખવી જોઈશે.

**પ્રશ્ન:** શું હું હજી સ્નસ રેફ્રિજરેટર રાખી શકું?

**જવાબ:** સ્નસ સહિત, કોઈપણ તમાકુ પ્રોડક્ટો કાઉન્ટરની ઉપરનાં સાધનો મારફત પ્રદર્શિત કરી શકાશે નહીં. રેફ્રિજરેટર સહિત, કોઈપણ ઉપકરણ, અધિનિયમની કલમ 3.1(3)માં રૂપરેખા આપ્યા મુજબ કોઈપણ લોગો કે પ્રોત્સાહક વિસ્તરણ મારફત તમાકુ પ્રોડક ટોના ઉપયોગના ઉત્તેજન આપી શકાશે નહીં. ગ્રાહકને ખરીદી પહેલાં જે રીતે જોવાની છૂટ આપી હોય તે રીતે પણ સ્નસ પ્રદર્શિત કરી શકાશે નહીં.

**પ્રશ્ન:** વેચાણ કિયોસ્કને પ્રદર્શન કેવી રીતે લાગુ પડે છે?

**જવાબ:** કિયોસ્કમાં સંગ્રહ વિકલ્પો ખૂબ ઓછા હોઈ શકે, જેથી ખરીદી પહેલાં તમાકુની પ્રોડક ટો પ્રદર્શિત કર્યા વિના તમાકુ વેચવામાં મુશ્કેલી પડી શકે. આ મુશ્કેલીઓ છતાં, કિયોસ્કના સંચાલકો જો ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમમાં નિયત કરેલ પ્રદર્શન પ્રતિબંધનાં તમામ પાસાઓનું પાલન કરવું જરૂરી છે.

**પ્રશ્ન:** શું પ્રતિબંધ એ અધિનિયમ કે વિનિયમમાં ફેરફાર કરે છે?

**જવાબ:** તમાકુ પ્રદર્શન પ્રતિબંધ એ અધિનિયમ કે વિનિયમની અન્ય કલમોમાં ફેરફાર કે અસર કરતી નથી. ઉદાહરણ તરીકે, દુકાનમાં નિશાનીઓની અધિકતમ માન્ય સંખ્યા પરનો પ્રતિબંધ અમલકર્તા રહે છે. તમાકુ પ્રોડક્ટોનું વેચાણ કરતાં કે વેચાણનો પ્રસ્તાવ કરતાં તમામ સ્થળોએ વિનિયમની કલમો 10 અને 11માં વર્ણવ્યાં (ઓ. નોંધણી 48/06) પ્રમાણે સરકારની આરોગ્ય ચેતવણી અને ઉંતર જરૂરિયાતોની નિશાનીઓ મુકવી જોઈશે.

**પ્રશ્ન:** પ્રતિબંધ અમલી બન્યા પછી તમાકુ પ્રદર્શિત કરવા માટે કેટલો દંડ થાય છે?

**જવાબ:** જે વ્યક્તિ કાયદાના વિભાગ 3.1 નું ઉલ્લંઘન કરે તેને 250 ડોલરનો ટિકિટ લાગુ થશે. વધુ સંગીન ગુનાઓમાં જ્યાં સમન્સ સામેલ હોય ત્યાં વધુ સજાની રકમ લાગુ થઇ શકે છે. કોર્પોરેશનને પ્રથમ ગુના માટે મહત્તમ 10,000 ડોલરનો સજા અને ત્રણ કે વધુ ગુના માટે 150,000 ડોલરનો સજા થઇ શકે છે. કોઇ વ્યક્તિને પ્રથમ ગુના માટે મહત્તમ 4,000 ડોલરનો સજા અને ત્રણ કે વધુ ગુના માટે 100,000 ડોલરનો સજા થઇ શકે છે.

**પ્રશ્ન:** શું હું હજું નાની ભાવ-કાપલીનો ઉપયોગ કરી શકું?

**જવાબ:** 30 મે, 2006ના રોજ બહાર પાડેલ નીતિવિષયક બુલેટિન સંદર્ભ 19થી ઓછી ઉંમરની વ્યક્તિઓ માટે તમાકુની જોગબાઈમાં દર્શાવ્યા મુજબ જે ભાવ-કાપલીઓ રાખવાની અગાઉ છૂટ હતી, તે 31 મે, 2008થી જોઈ ન શકાય તેમ રાખવાની છે.

છૂટક વેપારીને, સંગ્રહ કરવાના દરેક ઉપકરણમાં સમાવિષ્ટ ચોક્કસ તમાકુ પોડક ટ(ટો) નક્કી કરવામાં મદદ કરવા સંગ્રહ ઉપકરણોની બહારની બાજુઓ નાની ભાવ-કાપલીઓને રાખવાની છૂટ છે. આ કાપલીઓમાં :

- શ્વેત પશ્ચાદભૂમાં કાળા અક્ષરોનો ઉપયોગ કરવો જોઈશે
- 14 પોઈન્ટ કદના અક્ષરોનો ઉપયોગ કરવો જોઈશે
- લોગો કે રંગો વાપરવાં જોઈશે નહીં
- 2 × 1 કરતા (5 સે.મી. × 2.5 સે.મી.) મોટી હોવી જોઈશે નહીં.

ચોક્કસ પ્રોડક્ટ શોધી શકાય તે માટે જ આ કાપલીઓ વાપરવાની છે, તમાકુ પ્રોડક્ટોની વૃદ્ધિ કે પ્રોત્સાહન માટે તેનો ઉપયોગ કરવાનો નથી. આ ઓળખ કાપલીઓ પર ભાવ અંગેની માહિતી આપવાની છૂટ નથી.

**પ્રશ્ન:** શું છૂટક વેપારીઓ સિગારેટ પ્રદર્શનને ઢાંકવા શાવર પડદાનો ઉપયોગ કરી શકે છે?

**જવાબ:** તમાકુ પ્રોડક્ટોના લાંબા ગાળા માટેના પ્રદર્શન અંગેનો કોઈપણ વિકલ્પ, જાણીબૂઝીને કે આકસ્મિક હોય તો પણ સ્વીકાર્ય નથી.

**પ્રશ્ન:** ધંધાના સમય દરમિયાન છાજલીઓમાં ફરી સ્ટોક કરવા કે ઈન્વેન્ટરી લેવા માટે શું મને ચાર્જ લાગશે?

**જવાબ:** અમલ-બજવણી સ્ટાફ વખતો ખાસ સંજોગોને વિચારણામાં લેશે, જ્યારે ફરીથી સ્ટોક કરવા કે નવી પ્રોડક્ટ્સ સ્વીકારવાને કારણે તમાકુની બનાવટો ખુલ્લી દેખાડવી પડશે. ઈન્વેન્ટરી કામ, ફરી સ્ટોક કરવો કે બીજી સામાન્ય પ્રવૃત્તિઓ સહિત નિયમિત ધંધાદારી લેવડ-દેવડોના ગાળા દરમિયાન તમાકુ કે જે દેખી શકાય તેમ રખાય છે, તેને અધિનિયમના ભંગ તરીકે ગણાશે નહીં, તેમ છતાં તમાકુની પેદાશો લાંબા સમય સુધી નજરે પડે તેમ ન રખાય તે સુનિશ્ચિત કરવા પૂર્વ-સાવચેતીનાં પગલાં લેવામાં આવે તેવી અપેક્ષા રખાય છે.

**પ્રશ્ન:** કાર્ટન (ખોખાં) અને વધુ પડતા સ્ટોકનો મારે ક્યાં સંગ્રહ કરવો જોઇએ?

**જવાબ:** જુદા જુદા સ્ટોરમાં વધુ પડતા સ્ટોક માટે વિવિધ પ્રોડક્ટ-સંગ્રહસ્થાન ગોઠવણો જરૂરી બની શકે. ઉદાહરણ તરીકે, તમાકુની મોટી ઈન્વેન્ટરી સાથેનો માલ તેમના વધુ પડતા સ્ટોકને કેબિનેટમાં કે છાજલીઓમાં રાખી શકાશે, જેનો સામાન્ય રીતે સંગ્રહસ્થાન કે ગોઠવણના સાધન તરીકે ભલામણ કરાતી નથી. આમ છતાં, પ્રાથમિક રીતે સંગ્રહસ્થાન માટે જ આનો ઉપયોગ કરાય અને ગ્રાહકો પ્રોડક્ટને જોઇ શકે તે માટે ઉપયોગ ન કરાય તે માટે, અધિકારીઓ, તેઓ અધિનિયમનું પાલન કરે છે કે કેમ તે નક્કી કરવા વાજબી અને વ્યવહારું અભિગમ સાથે અને સાધનોની સમીક્ષા કરશે.

**પ્રશ્ન:** શું ડ્રોઅરો નિર્દિષ્ટ કદના હોવા જરૂરી છે?

**જવાબ:** સંચાલન નીતિમાં રૂપરેખા આપ્યા પ્રમાણે નાના ડ્રાઅરો માટે ન્યૂનતમ કે અધિકતમ પરિમાણ હોતું નથી. **પ્રદર્શન પ્રતિબંધ અમલ-બાજવણી નીતિમાં** માત્ર સ્પાઈન ખુલ્લી રાખવાનો ઉલ્લેખ છે, પરંતુ કઇ સ્પાઇન, તે નિર્દિષ્ટ કર્યું નથી.

**પ્રશ્ન:** કોણ બાઈન્ડર વાપરી શકે છે અને તેમાં કઇ સામગ્રીનો સમાવેશ થઇ શકે છે?

**જવાબ:** સિગારેટો, સિગાર તથા છૂટક વેચાણની દુકાનોમાં મળતી બીજી ખાસ તમાકુની ચીજવસ્તુઓની ઈન્વેન્ટરીની યાદી કરવા બાઈન્ડરનો ઉપયોગ કરી શકાય છે. પ્રોડક્ટના પેકેજનાં ચિત્રો, વર્ણનો, નિકોટાઇન ઘટક, આરોગ્ય ચેતવણીઓ, ભાવો, તેમજ પ્રોડક્ટના પેકેજોની બાઈન્ડરમાં પરવાનગી હોય છે. બાઈન્ડરમાં તુલનાત્મક ભાવો આપવાની છૂટ હોય છે.

સામયિક કે પ્રોત્સાહક ચોપાનિયા પરથી તમાકુની જાહેરખબરો જેવી જાહેરખબરની સામગ્રી પ્રોત્સાહક ગણી શકાશે અન તેનો બાઈન્ડરમાં સમાવેશ કરવો જોઇએ નહીં.

બાઈન્ડરને ગલ્લાની નીચેના ભાગમાં રાખી શકશો અને ક્લાર્ક, તમાકુની ખરીદીની લેવડ-દેવડ કરવાની કાનૂની વય ધરાવતા ગ્રાહક સાથે તેનો ઉપયોગ કરી શકશે. (એટલે કે ગ્રાહક કઇ પેદાશ ખરીદવા માગે છે તે મુકરર કરવા બાઈન્ડરનો ઉપયોગ કરી શકાશે.) બાઈન્ડર માત્ર વેચાણ દરમિયાન બહાર કાઢવું જોઈએ અને ત્યારપછી તરત સંગ્રહ સ્થળે પાછું મુકી દેવું જોઈએ. બાઈન્ડરને ગલ્લા પર ખુલ્લું મુકી શકાશે નહીં.

**પ્રશ્ન:** શું મારા કેબિનેટનો નિર્દિષ્ટ રંગ હોવો જરૂરી છે?

**જવાબ:** તમાકુ સંગ્રહસ્થાનના કેબિનેટનાં બારણાં અને ડ્રોઅરોનો રંગ, તમાકુની બ્રાન્ડ સાથે કે ચોક્કસ તમાકુ બ્રાન્ડની વૃદ્ધિ સાથે સાંકળી શકાશે નહીં, કેમ કે તે પ્રોત્સાહન દર્શાવે છે અને અધિનિયમની કલમ 3.1 (3) અન્વયે તેના પર પ્રતિબંધ છે.

**પ્રશ્ન:** શું હજુ સિગારેટ વેચું છું તેમ ગ્રાહકોને કહેવા માટે મારી પાસે કયા પ્રકારની નિશાનીઓ રાખી શકાય?

**જવાબ:** વિનિયમની કલમ 7 માં સ્પષ્ટ કર્યા પ્રમાણે ત્રણ નિશાનીઓની છૂટ આપી છે. છૂટક વેપારી તમાકુની પ્રોડક્ટ્સ વેચે છે તેની ગ્રાહકોને માહિતી આપવા અને પ્રોડક્ટના ભાવની જાણ કરવા માટે જ તમાકુની પ્રોડક્ટ્સના વેચાણનો ઉલ્લેખ કરતી નિશાનીઓની છૂટ આપવામાં આવી છે. વધુમાંઃ

- નિશાનીનું કદ 968 ચો. સેમીથી વધી શકશે નહીં.
- નિશાનીઓના લખાણમાં સફેદ પશ્ચાદભૂમાં કાળા રંગનો ઉપયોગ કરવો જોઇશે.
- છૂટક દુકાનની બહારની બાજુથી નિશાનીનું લખાણ દેખાવું જોઇશે નહીં.
- છૂટક વેપારી તમાકુ પ્રોડક્ટ્સ અને/ અથવા તમાકુ પ્રોડક્ટનો સહાયક સામગ્રીનો ઉલ્લેખ કરતી વધુમાં વધુ ત્રણ નિશાનીઓ રાખી શકશે.
- નિશાનીઓ તમાકુ કે તમાકુ સંબંધિત પ્રોડક્ટના બ્રાન્ડને ઓળખવી જોઇશે નહીં.

પરવાનગી અપાયેલ ત્રણ સંગ્રહ નિશાનીઓમાં વર્ણન આવી શકે પરંતુ તેમાં ‘બજેટ બ્રાન્ડસ’ કે ‘પ્રીમિયમ બ્રાન્ડસ’ જેવી ચોક્કસ બ્રાન્ડનું નામ નિર્દિષ્ટ કરવું નહીં. ‘સિગાર’ કે ‘કયુબન સિગાર’ જેવાં સામાન્ય વર્ણનોનો ઉપયોગ કરવાની છૂટ છે, જો કે કોઇ ચોક્કસ તમાકુ બ્રાન્ડનું નામ વાપરવાની છૂટ નથી.

**પ્રશ્ન:** અંદર મુકેલી પ્રોડક્ટ્સ શોધવા કેબિનેટની બહારની બાજુ હું શાનો ઉપયોગ કરી શકું?

**જવાબ:** સંગ્રહસ્થાનના સાધનોમાં સમાવિષ્ટ ચોક્કસ તમાકુની પ્રોડક્ટ (પ્રોડક્ટ્સ) શોધી કાઢવામાં વેચાણકર્તાને મદદ કરવાના ઇરાદાથી નાના ટેગ્સને સંગ્રહસ્થાનના સાધનની બહારની બાજુએ રાખવાની છૂટ છે. આ ટેગ્સમાં:

- સફેદ પશ્ચાદભૂ પર કાળા પ્રકારનો ઉપયોગ કરવો જોઇશે.
- 14 પોઇન્ટ ટાઇપ કદના અક્ષરોનો ઉપયોગ કરવો જોઇશે.
- લોગો કે રંગનો ઉપયોગ કરવો જોઇશે નહીં, અને
- તે 2 x 1 (5 સે.મી. x 2.5 સે.મી.)થી વધુ મોટી જોઇશે નહીં.

આ ઓળખ ટેગ્સ વ્યવહારું ઉપયોગ માટે છે અને ગ્રાહક સેવા પ્રતિનિધિઓ ચોક્કસ પ્રોડક્ટ્સ શોધી કાઢવા તેનો ઉપયોગ કરે છે, તેનો પ્રોડક્ટ્સ વેચાણ વૃદ્ધિ કે તમાકુ પ્રોડક્ટને ઉત્તેજન આપવાના સાધનો તરીકે ઉપયોગ કરાતો **નથી**. આ ઓળખ ટેગ્સ 'સિગાર', 'ક્યુબન સિગાર' કે 'ડોમિનિકન સિગાર' જેવા શબ્દો વાપરો શકે.

વધુમાં:

- ટેગ્સના લેબલ પર UPC લેબલોનો (બારકોડ) ઉપયોગ અધિનિયમ હેઠળ પ્રતિબંધિત નથી.
- ભાવની માહિતી આ ઓળખ ટેગ્સ પર છાપવાની મનાઈ છે, પરંતુ તે ફ્લેપની નીચે, કે ડ્રોઅરની અંદર અને ગ્રાહકની નજરે ન પડે તે રીતે રાખી શકાશે.
- પ્રોડક્ટ ઓળખ ટેગ્સ રંગ કે બ્રાન્ડ સંલગ્નનો ઉપયોગ કરી શકશે નહીં.
- હ્યુમિડર્સ 'હ્યુમિડર' શબ્દનો ટેગ તરીકે ઉપયોગ કરી શકશે.

**પ્રશ્ન:** નોંધાયેલા તમાકુ વેચનારાઓ અને નહીં નોંધાયેલા તમાકુ વેચનારાઓ માટે તમાકુ પ્રોડક્ટ્સને કઇ જુદી રીતે હાથ ધરાય છે?

**જવાબ:** સિગોરટ કરતાં સિગાર જેવી વસ્તુ માટેના ખરીદી નિર્ણયમાં વધુ તપાસણી સમાવિષ્ટ હોવાનું સામાન્ય રીતે સ્વીકારાય છે. *ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમની* કલમ 3.1 અન્વયે જેમને **મુક્તિ** આપવામાં આવી છે તેવા **નોંધાયેલા તમાકુ વેચનારાઓ** માટે, ગ્રાહકને સિગાર કે અન્ય આવી ખાસ પ્રોડક્ટને હાથમાં લેવાની છૂટ આપવા પર પ્રતિબંધ નથી. આમ છતાં, **નોંધણી ન કરાયેલ તમાકુના** વેપારીઓ કે જેઓ સિગાર સહિતની ખાસ પ્રોડક્ટ્સનું પણ વેચાણ કરી શકતા હોય તેમને માટે ખરીદી પૂર્વે વસ્તુને હાથમાં લેવાની છૂટ નથી.

પેટા કલમ 1(બી) સહિત કલમ 3.1 હેઠળ તમામ પ્રતિબંધો, એટલે કે *''ખરીદી પહેલાં તમાકુની પ્રોડક્ટ્સને હાથમાં લેવાની ખરીદનારને છૂટ આપે''* તે રીતે તમાકુની પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવા કે પ્રદર્શનની પરવાનગી આપવા પરનો પ્રતિબંધ સંપૂર્ણપણે નોંધણી ન કરાયેલ તમાકુ વેચનારાઓ તથા અન્ય તમાકુના વેપારીઓને લાગુ પડે છે. આ ચોક્કસ કલમોનો હેતુ યુવકો તમાકુ મેળવતાં અને સેલ્ફ-સર્વિસથી અટકાવવાનો છે. તેથી સ્ટોરનો ક્લાર્ક **પ્રથમ** યોગ્ય **ID તપાસથી** નક્કી કરે છે કે ખરીદનાર કાયદેસર ઉંમર ધરાવે છે કે કેમ અને ખરીદનારે સિગારની ગુણવત્તા નક્કી કરવા ચોક્કસ પ્રકારની સિગાર જોવા કે અડવાની વિનંતી કરી હોય તો તેને અડીને જોવું એ વેચાણના સોદાનો ભાગ બને છે. અમે સ્ટોરના માલિકોને ભલામણ કરીએ છીએ કે બીજા ગ્રાહકને ધ્યાન આપતા પહેલાં પ્રદર્શન પરના પ્રતિબંધનો આદર કરે અને લેવડદેવડ પૂરી કરે.

**પ્રશ્ન:** હું કેવી રીતે ખાતરી કરી શકું કે મારો હ્યુમિડોર પાલનકર્તા છે? (નોંધણી ન કરાયેલ તમાકુનો વેપારી)

**જવાબ:** તમાકુ પ્રદર્શન પ્રતિબંધ જોગવાઇના પાલનના હેતુસર, નોંધણી ન કરાયેલ તમાકુ વેપારી પાસે રખાયેલ હ્યુમિડોરને માન્ય તમાકુ સંગ્રહ સાધન ગણવામાં આવે છે, પરંતુ હ્યુમિડોર:

- કામ કરતાં ભેજયુક્ત સાધનથી તે સજ્જ હોય,
- ભેજ નિયંત્રણ જરૂરી હોય તે સિગારો જ તેમાં રાખેલી હોય,
- તેની સપાટી અપારદર્શક હોય, જેથી હ્યુમિડોરની બહારથી સિગાર જોતાં અટકાવે, અને
- ખોલવામાં ગ્રાહકની નજરથી દૂર રહે તે રીતે રાખવામાં આવે, સિવાય કે ખોલવાનું બારણું એવા કદનું હોય કે પ્રોડક્ટ પાછી મુકે ત્યારે ક્લાર્ક દ્વારા સિગારનો દેખાવ મહદ્અંશે અને યોગ્ય રીતે અવરોધવામાં આવે.

વધુમાં હ્યુમિડોરની બાબતમાં:

- ઇન્વેન્ટરી તપાસ કે પ્રોડક્ટ્સનાં સ્ટોક લેવાનું કામ પૂરું કરનાર વ્યક્તિઓએ રાબેતા મુજબની ધંધાદારી કામગીરીના ભાગ તરીકે હ્યુમિડોર ખોલવાં જરૂરી બની શકશે. અમલ-બજવણી સ્ટાફ આ બાબતને વિચારણામાં લેશે.
- ગ્રાહકની સામે આવતું હ્યુમિડોરનું બારણું અપારદર્શક હોવું જોઇશે, જેથી તમાકુનું પ્રદર્શન થતું અટકાવાય. હ્યુમિડોરની બહારની બાજુથી તમાકુની પેદાશો જોઇ ન શકાય તે માટે કાચને અપારદર્શક બનાવવો અથવા પૂરતી રીતે ઢાંકવો.
- હ્યુમિડોરના ઉપયોગ કરતાં માલિકો પાસે એવી યંત્રરચના ન હોય કે જે આપોઆપ બંધ થઇ જાય, તો તેઓએ હંમેશા હ્યુમિડોર બંધ રહે તેની ખાતરી કરવી જોઇશે, અને પ્રોડક્ટ લેવા માટે જ તે ખોલવું જોઇશે અને ત્યારપછી તરત ફરીથી બંધ કરી દેવું જોઇશે.

## વધુ માહિતી માટે

**તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમનો સંપર્ક કરો**

આરોગ્ય પ્રોત્સાહનનું મંત્રાલય
ધૂમ્રરહિત ઓન્ટારિયો કાયદો
www.ontario.ca/smokefree

ધૂમ્રરહિત ઓન્ટારિયો અધિનિયમ અને વિનિયમ www.e-laws.gov.on.ca. પર ઓનલાઈન ઉપલબ્ધ છે.